# રાહત રાજ્યમાં કેસ ઘટ્યાં : નવા કેસ ૧૬,૬૧૭

## સરકાર રસીકરણ મુદ્દે પણ મજબુતીથી લડી રહી છે, આજે ૧,૧૬,૯૩૬ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં કોરોનાએ ફરી એકવાર ફૂંફાડો માર્યો છે. રાજ્યમાં આજે નવા ૧૬,૬૧૭ નવા કેસ આવ્યા છે. તો બીજી તરફ ૧૧,૬૩૬ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૯,૧૭,૪૬૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોના રિકવરી રેટ પણ ઘટીને ૮૬.૩૫ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર કોરોના રસીકરણ મુદ્દે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧,૧૬,૯૩૬ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૩૪૮૩૭ કુલ કેસ છે. જે પૈકી ૨૫૮ વેન્ટિલેટર પર છે. ૧૩૪૫૭૯ નાગરિકો સ્ટેબલ છે. ૯,૧૭,૪૬૯ નાગરિકો અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ તઈ ચુક્યા છે. ૧૦૨૪૯ નાગરિકોનાં અત્યાર સુધીમાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૧૯ લોકોનાં મોત થઈ ચુક્યાં છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૯, સુરત કોર્પોરેશન ૨, સુરત ૨, ભાવનગર કોર્પોરેશનમાં ૧, મહેસાણામાં ૧, વલસાડમાં ૩,નવસારીમાં ૧, બનાસકાંઠામાં ૨, દાહોદમાં ૧ સહિત કુલ ૧૯ લોકોનાં મોત નિપજ્યાં છે. આ ઉપરાંત રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૫ ને પ્રથમ ૫૭૦ ને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૫૫૪૭ને પ્રથમ ૩૬૬૮ ને રસીનો બીજો ડોઝ ૧૬૯૦૦ ને અપાયો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૪૨૧૦ ને પ્રથમ ૫૨૫૬૧ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૮ વર્ષના નાગરિકો પૈકી ૧૧૫૯૮ રસીના ડોઝ જ્યારે ૧૭૪૨૪ ને પ્રીકોશન ડોઝ અપાયો છે. આ પ્રકારે કુલ ૧,૧૬,૯૩૬ રસીના ડોઝ આજના દિવસમાં અપાયા છે. અત્યાર સુધીમાં કુલ ૯,૬૩,૪૫,૩૨૭ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

# ૩૦ ટકા લોકો હજુ પણ માસ્ક દાઢી પર જ પહેરે છે

## રાજ્યમાં આગામી ૩૧ જાન્યુઆરી સુધીમાં કોરોનાના કેસ ૫૦ હજારને પાર પહોચવાની સંભાવના વ્યક્ત કરાઈ

અમદાવાદ, તા.૨૩

ગાઈ વગાડીને કહેવામાં આવે છે કે કોરોનાથી બચવા માટે માસ્ક જ હથિયાર છે છતાં લોકો સમજતા નથી. બજારોમાં કે સામાજિક અને રાજકીય મેળાવડાઓમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડે જ છે પણ બેદરકારીની હદ તો ત્યારે જોવા મળે છે જ્યારે લોકો સરખું માસ્ક પણ પહેરતા નથી. હાલ કોરોનાના ડરમાં કેટલાક લોકો માસ્ક પહેરતા થયા છે પણ હજુએ ૩૦ ટકા લોકો એવા છે જેઓ માસ્ક મોઢે નહિ દાઢીએ પહેરે છે. જાણે માસ્ક બેજવાબદાર રીતે પહેરીને સામાજિક જવાબદારી નિભાવતા હોવાનો દેખાડો કરતા હોય.

તબીબો પણ માની રહ્યા છે કે, હજુ પણ લોકો નહિ જાગે તો કોરોના કેસ કન્ટ્રોલ બહાર જાય તો નવાઈ નહિ. છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમાં કોરોનાના કેસ ૨૦ હજારને પાર નોંધાઈ રહ્યા છે. અને આગામી ૩૧ જાન્યુઆરી સુધીમાં કોરોનાના કેસ ૫૦ હજારને પાર પહોચી જવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદ શહેરના તબીબી એક્સપર્ટસ માની રહ્યા છે કે, કોરોનાના કેસ વધી રહ્યા છે અને કોરોનાથી બચવા માટે સરકાર દ્વારા જે ગાઈડલાઈન જાહેર કરાઈ છે તેનું પાલન કરવું જ પડશે.

શહેરમાં રેન્ડમલી એવું ધ્યાને આવ્યું છે કે, શહેરમાં હજુ પણ ૧૦૦ માંથી ૩૦ ટકા લોકો છે એવા છે જે માસ્ક મો પર નહિ પણ દાઢી પર પહેરે છે જે યોગ્ય નથી. ૨૦ ટકા લોકો એવા છે જે માસ્ક પહેરે છે પણ પહેરવા ખાતર પહેરે છે. જ્યારે હાલ કેસ વધતા ૫૦ ટકા લોકોમાં ગંભીરતા જોવા મળી છે.

આ અંગે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના મીડિયા કન્વીનર ડો. મુકેશ મહેશ્વરી જણાવી રહ્યા છે કે, કોરોનાની ત્રીજી લહેરમાં પણ લોકોમાં ગંભીર નથી. કોરોનાથી બચવા માટે માસ્કનો ઉપયોગ જરૂરી અને તે પણ સાયન્ટિફિક રીતે તેનો ઉપયોગ અને નાશ પણ થવો જોઈએ. જ્યારે કોઈપણ માસ્ક પહેરે તે પહેલાં હાથ સેનિટાઈઝ કરવા જરૂરી છે. એટલું જ નહીં માસ્ક પહેર્યા પછી વારંવાર તેને અડકવું જોઈએ નહીં. અને જ્યારે તેને મો પરથી ઉતારો ત્યારે તેને પ્રોપર રીતે પ્લાસ્ટિકની બેગમાં પેક કરી ફેંકવું જોઈએ.

અમદાવાદ મેડિકલ એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી ડો. સાહિલ શાહ જણાવે છે કે, શહેરમાં એ જોવા મળ્યું છે કે, માસ્કનો ઉપયોગ પ્રોપર રીતે થતો નથી. કોરોનાની બીજીલહેર બાદ તો લોકો એકદમ બિન્દાસ્ત થઈ ગયા હતા. જે યોગ્ય ન હતું. નિયમોનું લોકો પાલન નહિ કરે તો ગંભીર પરિણામો ભોગવવા પડશે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલના ૫૦ કર્મચારીઓ સંક્રમિત થયા

રાજકોટ, તા.૨૩

શહેરો તરફથી કોરોના ધીરે ધીરે ગામડાઓ તરફ જઈ રહ્યો છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમા કોરોના રોકેટ ગતિએ વધી રહ્યો છે. સૌરાષ્ટ્રમા વધતા કેસોએ આરોગ્ય વિભાગને દોડતુ કર્યુ છે, તો તંત્રની ઊંઘ હરામ કરી છે. આવામાં હવે રાજકોટ સિવિલ હોસ્પિટલના ૫૦ કર્મીઓ કોરોના સંક્રમિત થયા છે. અત્યાર સુધીમાં ૫૦ જેટલા કર્મીઓ કોરોના સંક્રમિત થયા છે. સિવિલના નર્સિંગ સ્ટાફ, સફાઈ કર્મીઓ, તબીબો સહિત ૫૦ કર્મીઓ કોરોના સંક્રમિત થયા છે. સિવિલ સુપરિટેન્ડન્ટે જણાવ્યું કે, તમામ હોમ આઈસોલેશનમાં સારવાર લઈ રહ્યા છે.

રાજકોટ શહેરના સિવિલ હોસ્પિટલના ૫૦ જેટલા આરોગ્ય લક્ષી સેવા બજાવતા અધિકારીઓ તેમજ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા હોવાનું સામે આવ્યું છે. રાજકોટ સહિત સમગ્ર વિશ્વભરમાં હાલ કોરોના મહામારી કહેર વર્તાવી રહી છે. ત્યારે પ્રથમ લહેરને દ્વિતીય લહેરની જેમ જ હાલ ત્રીજી લહેરમાં પણ ફ્રન્ટલાઈન વોરિયર્સ કોરોના સંક્રમિત થઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે.

તાજેતરમાં જ રાજકોટ શહેર પોલીસ વિભાગના ડીસીપી, એસીપી સહિત ૪૫ જેટલા પોલીસ કર્મીઓ કોરોના સંક્રમિત થયાનું સામે આવ્યું હતું. ત્યારે હાલ રાજકોટ શહેરના સિવિલ હોસ્પિટલના ૫૦ જેટલા આરોગ્યલક્ષી સેવા બજાવતા અધિકારીઓ તેમજ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા હોવાનું સામે આવ્યું છે. મીડિયા સાથેની વાતચીતમાં રાજકોટ શહેરના સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ આર. એસ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં સિવિલ હોસ્પિટલમાં ૫૦ જેટલા અધિકારીઓ તેમજ કર્મચારીઓ કોરોના સંક્રમિત થઈ ચૂક્યા છે. તમામ હાલ હોમ આઈસોલેશનમાં છે. એક પણ અધિકારી કે કર્મચારીને હોસ્પિટલાઈઝ કરવા પડ્યા હોય તે પ્રકારની પરિસ્થિતિ નિર્માણ નથી થયું.

ગુજરાતમાં દર કલાકે ૯૬૫ લોકોને કોરોના ડંખી રહ્યો છે. એક દિવસમાં કોરોનાને લીધે ૧૫ લોકોનાં મોત થયા છે. અમદાવાદમાં કોરોનાના નવા ૮૩૩૨, સુરતમાં ૨૪૮૮, વડોદરામાં ૩૭૦૯ જ્યારે રાજકોટમાં ૨૦૨૯ કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં ૧૦,૧૦૩ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે દાતા શ્રી સુરેશભાઈ પટેલ (સારંગભાઈ)ના હસ્તે હોંશિયાર અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાયકલની ભેટ આપવામાં આવી હતી. આ અવસરે વોર્ડ નં.૬ના કોર્પોરેટર ઉપસ્થિત રહ્યા હતા. કો. ઓર્ડીનટર નટુભાઈ લાડાણી અને શાળાના આચાર્ય ભાવેશકુમાર જાનીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો.

# ચિલોડા લકઝરી બસમાંથી ૨૪ બોટલ સાથે બે મુસાફરો ઝડપાયા

ગાંધીનગર,તા.૨૩

ચિલોડા પોલીસ મથકના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી ખાનગી સફર ટ્રાવેલસની લકઝરી બસ નં. એ.આર.૦૧.ટી.-૫૫૬૫ ને રોકાવી હતી. લકઝરી બસને સાઈડમાં કરાવી ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી મુસાફરોનો સામાન ચેક કરતા સીટમાં બેઠેલા બે મુસાફરોના પગ પાસે રહેલા બે થેલા શંકાસ્પદ મળી આવ્યા હતા. આ થેલામાં ચેક કરતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૭૧ હજારનો દારૂ કબ્જે કરી નરોડા ખાતે રહેતો નિલેશ સુરેશ ભુગમલ ઢીંગલાણી અને પંકજ ઉકાભાઈ રાજાઈ ભાવનગરવાળાને પકડી પાડી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શાહપુર પ્રાથમિક શાળાના આચાર્યની ધ્રુવ નિશ્ચય વાર્તામાં પસંદગી



શાહપુર પ્રાથમિક શાળા ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૦માં શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે યોજાયેલ એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૦માં રમતા રમતા ભણીએ ઈનોવેશન રજૂ કર્યુ હતુ. આ ઈનોવેશનને ત્રીલોક જ્ઞાનોત્સવ અંતર્ગત રૂડકી, હરિદ્વાર ખાતેથી પ્રસિદ્ધ થતા નેશનલ સામાયિક ધ્રુવ નિશ્ચય વાર્તામાં મોકલવામાં આવી હતી. અશ્વિનભાઈએ શાહપુર શાળાના બાળકો માટે કરેલ આ ઈનોવેશનની સંપાદક મંડળ દ્વારા પસંદગી થતાં ડિસેમ્બર-૨૦૨૧માં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ સામાયિક ભારતના વિભિન્ન રાજ્યોમાં હરિદ્વાર ખાતેથી મોકલવામાં આવી હતી.

# ઝુંડાલ-ચાંદખેડા માર્ગ પર ટ્રેકટરની ટકકરે બાઈક ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના ઝુંડાલ-ચાંદખેડા માર્ગ પર બાઈક-ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈક ચાલકનું સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું હતું. ઝુંડાલ માર્ગ પર લાકડા ભરેલા ટ્રેકટર ચાલકે પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી અચાનક ડ્રાઈવર સાઈડ વાળી દેતા ટ્રેકટરે બાઈકને અડફેટે લીધુ હતું. અકસ્માત સર્જીને ટ્રેકટર ચાલક ટ્રેકટર મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ટ્રેકટર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગત તા.૨૧ ના જાન્યુઆરીના રોજ સાંજના ૭ વાગ્યાના અરસામાં ઝુંડાલ-ચાંદખેડા માર્ગ પર થી પસાર થઈ રહેલા બાઈક ચાલકને ગફલતભરી અને બેફામ રીતે હંકારી ટ્રેકટર ચાલકે ટકકર મારતા બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર રીતે ઈજા પહોંચી હતી.મુળ વાવોલ ગામના જીતેન્દ્રસિંહ સરદારસિંહ વાઘેલા પોતાનું બાઈક નં. જી.જે.૧૮.સી.ઈ-૬૨૦૭ લઈને જઈ રહ્યા હતા. તે સમયે ઝુંડાલ પાસે લાકડા ભરેલ ટ્રેકટર નં. જી.જે.૦૬.પી.૯૧૫૭ ના ચાલકે ટ્રેકટર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને અચાનક વાળી દેતા ટ્રેકટરની અડફેટે બાઈક ચાલક યુવાન આવી ગયો હતો. આ અકસ્માતમાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવની જાણ થતા યુવકના ભાઈ સુરેશકુમાર સરદારસિંહ વાઘેલા બનાવ સ્થળે પહોંચી ગયા હતા. ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત યુવકનું મૃત્યુ થયુ હતું. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ટ્રેકટર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# રૂપાલ ગામે આઈશર ટ્રકમાંથી રૂપિયા ૯૭ હજારની ચોરી

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર રૂપાલ ગામે આઈશર ટ્રકમાંથી રૂ.૯૭ હજારની ચોરી થવા પામી છે. ઉનાવા ગામે થી કલેકશન કરેલા ૨૫ ડબા તેલના રૂપીયા હતા. રૂપાલ બ્રાહ્મણ કિરાણા સ્ટોરના ગોડાઉનમાં તેલના ડબા ઉતારી રહ્યા હતા તે સમયે કોઈ શખ્સ આઈશર ટ્રકમાંથી રૂ.૯૭ હજાર રૂપીયાની કોથળી લઈ જતો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ આદરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાનના ડુંગરપુરનો વિજય લાલજી મીણા (ઉં.૩૭) સેકટર-૨૬ જીઆઈડીસી ઈ.૧૫૯ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે અને ચાંગોદર ખાતે આવેલી અંકુર ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના સેકટર-૨૬ જીઆઈડીસીમાં આવેલા ડેપોની આઈશર ગાડી નં. જી.જે.૧૮.એ.ટી.-૯૦૫૩ છેલ્લા ૬ માસથી ચલાવે છે. ડેપોમાંથી તેલ ભરીને ગાંધીનગરના જીલ્લાના ગામડાઓની દુકાનમાં વિતરણ કરવા માટે રોજ જતા હોય છે. જ્યારે તેલ વિતરણના નાણા રોજ ડેપોમાં જમા કરાવતા હોય છે. જ્યારે આઈશર ટ્રકમાં ડ્રાઈવર સાથે અન્ય ત્રણ વ્યકિત હોય છે. ગત તા.૨૧ ના રોજ ત્રણ વાગે આઈશર ગાડીમાં ૨૫૦ થી ૩૦૦ તેલના ડબા ભરીને રીટેઈલ વિતરણ કરવા માટે નીકળ્યા હતા. રાંધેજા અને ત્યાંથી ઉનાવા ગામે પ્રવિણ ફરસાણ દુકાને ૨૫ ડબા તેલ ઉતાર્યા હતા. જેથી વેપારીએ તેલના નાણા રૂ.૯૭,૧૧૧ રોકડા આપ્યા હતા. આ રૂપીયા ડેસ બોર્ડ પર લીલા કલરના કવરમાં પ્લાસ્ટીકની થેલીમાં મુક્યા હતા અને તેના પર મોબાઈલ મુક્યો હતો. ત્યાંથી વાસણીયા મહાદેવ થઈને રૂપાલ ગામે સાંજના સમયે પહોંચ્યા હતા. જ્યાં બ્રહ્માણી કિરાણા સ્ટોર્સના ગોડાઉન ખાતે તેલના ૨૫ ડબા અને અન્ય નાના તેલના ડબા ઉતારવાના હતા. ગોડાઉન પર ગાડી લગાવી ત્રણેય વ્યકિત પાછળની સાઈડમાં તેલના ડબા ગણીને ઉતારી રહ્યા હતા. તે સમયે વિજય મીણા વેપારી પાસેથી પૈસા લઈ પરત ફર્યા હતા. તે સમયે જોયુ તો મોબાઈલ નીચેથી કોથળીમાં ઉનાવા ગામના કલેકશનના રૂ.૯૭ હજારની કોથળી ગાયબ હતી.આસપાસ તપાસ કરી હોવા છતા કોથળી મળી આવી ન હતી. ત્યારબાદ ગોડાઉનના ઈન્ચાર્જ આકશભાઈને વાત કરી હતી. જેથી ગાડી ઉભી રાખી હતી તે સ્થળ નજીકમાં સહકારી મંડળીના કેમેરા લગાવેલા હોવાથી તે ચેક કરતા તેમાં એક શખ્સ ગાડી થી થોડે દુર કાળા કલરનું એકટીવા જેવુ વાહન લઈને આવ્યો હતો અને તે દુર ઉભુ રાખી ને મારી ગાડી જોડે આવી ગાડીમાંથી ચોરી કરતો દેખાય છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

# અમેરિકા જવાની લ્હાયમાં પટેલ પરિવારે જીવ ખોયો

અમદાવાદ, તા.૨૩

વર્ષે દહાડે અનેક ગુજરાતીઓ વિદેશ જવાની લાલચમા રૂપિયા ગુમાવે છે. પરંતુ કેનેડા બોર્ડર પર બનેલી ઘટના અત્યંત દર્દનાક છે. અમેરિકા જવાની ઘેલછા કલોલના પટેલ પરિવારને ભારે પડી છે. પટેલ પરિવારનું અમેરિકા જવાનુ સપનુ બોર્ડર પહેલા જ રગદોળાયુ. ગુજરાતી પરિવાર અમેરિકા પહોંચવા માટે માઈનસ ૩૫ ડિગ્રી હાડ થીજવતી ઠંડીમાં સતત ૧૧ કલાક ચાલ્યા હતા. પણ આ ગેરકાયદેસર ઘૂસણખોરીએ જ પટેલ પરિવારનો જીવ લીધો. કુલ ૧૧ લોકો ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરી રહ્યા હતા, જેમાઁથી એક જ પરિવારના ચાર લોકોના મોત નિપજ્યા છે. મૃતકોમાં એક બાળક અને એક નાનકડી દીકરી પણ છે. બાકીના ૭ લોકોને પકડી પાડવામાં આવ્યા છે. કેનેડાથી અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરતાં પકડાયેલા લોકો માણસા, ગાંધીનગર અને કલોલ તાલુકાના રહેવાસી હોવાની શક્યતા છે. તમામ લોકો એજન્ટની મદદથી બોર્ડર પાર કરતા હતા. આ ચારેય મૃતદેહો મળી આવ્યા પછી ફ્લોરિડાના એજન્ટ સ્ટીવ સેન્ડને દબોચી લેવાયો હતો. કુલ ૧૧ લોકો કેનેડાથી અમેરિકાની બોર્ડર ગેરકાયદેસર રીતે પાર કરી રહ્યા હતા, જેમાંથી ચારના મોત થયા છે. બાકીના લોકોને પકડી પાડવામાં આવ્યા છે. ગાંધીનગરના કલોલ તાલુકાના ડીંગુચા ગામે બળદેવભાઈ પટેલ અને તેમનો પરિવાર રહે છે. ૧૦ દિવસ અગાઉ બળદેવભાઈનો પુત્ર જગદીશ પટેલ અને તેના પત્ની તેમજ પુત્રી, પુત્રી ૧૦ દિવસ અગાઉ એજન્ટ મારફતે કેનેડા ગયા હતા. કેનેડા ગયા બાદ તેમનો સંપર્ક થયો હતો, પરંતુ છેલ્લા ત્રણ દિવસથી તેમનો કોઈ સંપર્ક ન થઈ રહ્યો હોવાનું ગ્રામજનો દ્વારા જાણવા મળ્યુ છે. બીજીતરફ, અમેરિકા-કેનેડા સરહદ નજીક ચાર ગુજરાતીઓના ઠંડીના કારણે મોત થવાના અહેવાલ સમાચાર માધ્યમોમાં આવતા ગ્રામજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

## કોરોનાના વધતા સંક્રમણ

અનુસંધાન પાના.૮નું ચાલુ

બર્ફવર્ષા સાથે બર્ફિલો પવન ફુંકાતા દેશના વિવિધ ભાગોમાં ઠંડીનુ જોર વધ્યુ છે. જ્યારે આકરી ઠંડીની સાથે પવનની તિવ્રતા પણ વધુ રહેતા નગરજનો કોલ્ડવેવથી પ્રભાવિત થયા છે. આજે દિવસ દરમિયાન શહેરમાં પ્રતિકલાક ૨૫ થી ૩૦ કી મી ની ઝડપે પવન ફુંકાયો હતો. ઠંડીનુ જોર વધતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. કોરોનાના વધતા કહેર વચ્ચે ઠંડીનો પ્રકોપ પણ વધી રહ્યો છે. ત્યારે રાત્રિના સમયે ૧૦ કલાકથી કરફ્યુનો અમલ પણ શરૂ થઈ જાય છે. જો કે કોરોનાના સંક્રમણ વચ્ચે ઠંડીના આક્રમણથી નગરજનો ઘરની બહાર નિકળવાનુ આમ પણ ટાળી રહ્યા છે. જેના લીધે સાંજ ઢળ્યા બાદ માર્ગો પર ચહલપહલ ઘટી જાય છે. ટ્રાફિકની પાંખી હાજરી વચ્ચે શોપિંગ બજારમાં પણ સન્નાટો છવાઈ જાય છે. જ્યારે રાત્રિના સમયે સેકટરોની શેરીઓમાં પણ સુનકાર વ્યાપે છે. આગામી ત્રણ દિવસ આક્રમક ઠંડી પડવાની સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. આ વર્ષે ઠંડીનુ જોર વધુ હોવાની સાથે કોરોનાનુ સંક્રમણ પણ શિયાળા દરમિયાન વધતા જનજીવન વિશેષ પ્રભાવિત છે. મોસમની અસરથી નાના બાળકો તેમજ વૃધ્ધો વધુ પ્રભાવિત છે. જ્યારે ઠંડીનુ જોર વધવાની સાથે સુસવાટા મારતો પવન પણ વધુ રહેતા કોલ્ડવેવ વધુ અસહ્ય બન્યો છે.